# સાચી કવિતા

– ગિજુભાઈ ભરાડ

એક હતો રાજા.

જબરદસ્ત તેનું રાજ્ય. જાહોજલાલી પણ તેવી જ.

રાજાને કંઈ ખાસ કામ નહિ. બેઠો બેઠો ખાયને ઊંઘે, વખત કેમે કર્યે વીતે નહિ.

કરવું શું ? માણસને કંઈ કામ પ્રવૃત્તિ તો જોઈએ જ. બહુ વિચાર કરી, રાજાએ ફક્કડ તોફાન શોધી કાઢ્યું. કવિતા લખવાનું એમને સૂઝ્યું.

દહાડે વિસામો નહિ, રાત્રે ઊંઘ નહિ–રાત દિવસ બસ રાજા તો લખલખ કરે. કોરા કાગળ પર ખસડ ખસડ કલમ ચાલે છે. ને રાજાબહાદુર બેઠા બેઠા કવિતાઓ લખે છે.

પણ કવિતા લખવી એ કંઈ સહેલી વાત નથી. પ્રાસ પર પ્રાસ મેળવતાં રાજાનું તો માથું પાકી આવે. રાત દહાડો ચેન પડે નહિ. બોલો તો બોલે નહિ. સીધી વાતચીત પણ કરે નહિ.

એક દહાડો રાણીએ પૂછ્યું : 'આ બધું શું માંડયું છે.' રાજા કહે, કવિતા લખું છું.'

રાણી કહે : 'ઓહો, જોઉં તો ખરી, કેવીક કવિતા તમે લખી છે તે ?'

રાજાએ એક પછી એક કવિતા વાંચી સંભળાવી.

રાણીએ વખાણ કર્યા. 'અરે, આ તો સરસ છે.'

પ્રશંસા સાંભળી રાજાની ખુશાલીનો પાર ન રહ્યો. રાજા, થોડું હસ્યા અને કવિતાનું પુસ્તક બંધ કરી દીધું.

પરંતુ રાજા કંઈક મૂરખ ન હતો. તેનામાં અપાર અક્કલ હતી. કવિતાની પોથી એણે તે જ દિવસે બંધ કરી અને પછી ખોલી જ નહિ. ના એક પણ દિવસ ન ખોલી. આ જોઈ રાજાના મિત્રો, અમીરો, આગેવાનો બધાના આશ્ચર્યનો પાર ન રહ્યો.

પ્રધાને કહ્યું : કેમ મહારાજ, કવિતા લખવાનો શોખ પૂરો થઈ ગયો?'

રાજા કહે : 'હા પણ કવિતા લખવાનો શોખ બૂરો છે. બધાને એ સદતો નથી.'

પછી એક દહાડો રાજાજીના મનમાં કોણ જાણે શું આવ્યું તે પ્રધાનજીને બોલાવી કહ્યું : 'રાજ્યમાં ઠેરઠેર ઢંઢેરો પીટાવી દો કે જે માણસ સૌથી સરસ કવિતા લખી શકશે તેને રાજકવિ તરીકે નીમવામાં આવશે.'

જેવી આ જાહેરાત થઈ કે તરત જ દરબારમાં કવિઓના ટોળેટોળાં ઉમટી પડયાં. કવિતાઓ અને તેમની પ્રવૃત્તિઓની ધમાલને કારણે પ્રધાનજી તો નર્યા ગાંડા જેવા થઈ ગયા !

તેમણે રાજાજી પાસે જઈને કહ્યું : 'મહારાજા, આ કવિતા બાવિતામાં મને કશી ગમ નથી પડતી. કૃપા કરી આપ આ બાબતે ફેંસલો કરવાનું આપને માથે જ રાખો.

ઘણું સારું થયું. રાજાને તો સમય કયાં પસાર કરવો એ જ જોઈતું હતું. આટલે દિવસે તેમને મનગમતું કાર્ય મળ્યું. કવિતાઓનો ગંજ ખડકી તેમણે એક પછી એક કવિતા વાંચવા માંડી.

બધી કવિતાઓ વાચી જતાં ત્રણ મહિના લાગ્યા. એમાંય મોટા ભાગની કવિતાઓ તો નકામી હતી માત્ર જુદા જુદા કવિએ લખેલી, પચીસ કવિતાઓ રાજાને ગમી. તેમને લાગ્યું કે આજ કવિતા ખરેખરી મસ્તીમાં આવીને લખેલી છે. તરત જ એ પચીસ કવિઓને બોલાવી લાવવાના ફરમાન છૂટયા. હરખના માર્યા પેલા કવિઓ તો એકદમ હાજર થયા. જાણે આમંત્રણની રાહ જ ન જોઈ રહ્યા હોય ! દરેકને એવી આશા હતી કે પોતે રાજકવિ નીમાઈ જશે પણ....પણ....રાજાએ ફેંસલો આપ્યો તેનાથી સૌ ડઘાઈ ગયા, એમને થયું નારે ભાઈ, રાજકવિ થવાનું કામ નથી. અહીંથી ભાગી છૂટીએ તો ગંગા નાહ્યા !

ગઢનો દરવાજો બંધ થઈ ગયો કોઈ પહેરેગીર તેમને બહાર જવા દે તેમ ન હતું.

રાજાએ કહ્યું : આ સઘળા કવિઓને કેદખાનામાં નાખો. દિવસમાં માત્ર એક જ વાર ભોજન આપજો. એ સૌને ચેતવણી આપી દો કે ખબરદાર જો હવે પછી કવિતા લખી છે તો !'

રાજાના ફરમાનનો અનાદર થાય નહિ. હવે કરવું પણ શું ? તે જ દિવસે એ પચ્ચીસે કવિઓને કેદખાનામાં પૂરી દેવામાં આવ્યા. તેમની હેરાનગતિનો પાર ન રહ્યો.

એક મહિના પછી રાજા પોતે જ તેમની તપાસ માટે ગયો. જુએ છે તો તેમની દુર્દશાનો પાર નથી. ભૂખ, તરસ અને અનિદ્રાને કારણે બધા સૂકાઈને સાંઠીકડા જેવા થઈ ગયા છે. તેમના ચહેરા ઓળખાય એવા રહ્યા નથી.

વધુ તપાસ કરતા ખબર પડી કે એ પચ્ચીસ કવિઓમાંથી ત્રણ જણે રાજાના હુકમનો અનાદાર કરી ગુપચુપ કવિતા લખી છે. જે આ રીતે પકડાઈ ગયા તેમના હોંશકોશ ઊડી ગયા. હવે કોણ જાણે શી સજા થશે ?

રાજાએ હુકમ કર્યો કે ‘આ ત્રણ કવિને રહેવા દઈને બાકીના બધાને છોડી દો.’ પેલા બાવીસ કવિઓના આનંદનો પાર ન રહ્યો. પણ ઘરે પહોંચીને જુએ છે તો રાજા, તેમણે ધાર્યો હતો એટલો જુલ્મી નહોતો. અન્યાયી પણ નહિ. તેણે ઘરે સારી પેઠે નાણા મોકલ્યા હતા.

પેલી બાજુ જે ત્રણ કવિને મૂકેલા, તેમને રાજા સમક્ષ હાજર કરવામાં આવ્યા. રાજાએ ત્રણેને એકેક ઘર આપ્યું. ખૂબ પૈસા આપ્યા. હુકમ કર્યો કે દેશમાંથી બૈરાં છોકરાંને બોલાવી મંગાવો અને નિરાંતે રહો.

પણ એક વાત ધ્યાનમાં રાખવી. કોઈએ કવિતા લખવી નહિ. રાજાના જાસૂસો દેખરેખ રાખ્યા જ કરે. કવિતા લખતાં પકડાય તો સખત સજા થવાની જ.

હવે કોણ કવિતા લખતું તું ? ધન દોલત મળ્યાં બૈરાં છોકરાં આવી મળ્યા. આટલી બધી સુખ સાહ્યબી પછી કોણ કવિતા લખવાની ચિંતા કરે ?



પણ નવાઈની વાત બની !

એ ત્રણ કવિમાંથી પણ અક જણ છૂપી રીતે છાનોછપનો કવિતા લખતો હતો.

જાસૂસોએ તેને પકડી લાવી રાજા સમક્ષ હાજર કર્યો.

રાજાએ તપાસ કરી, ‘કવિરાજ, તમને અમારા હુકમની ખબર નથી ? તમે છાનાછપના કવિતા લખતા હતા તે સાચું છે ?’

કવિએ કહ્યું, ‘જૂઠું નહિ બોલું, મહારાજ એ સાચી વાત છે. આપ મારુ ઘર, ધનદોલત વગેરે તમામ ચીજ પાછી લઈ લ્યો. પણ કવિતા વગર હું જીવી શકિશ નહિ. કવિતા એજ મારું જીવન છે.

મારી ભૂલ થઈ હોય તો ક્ષમા કરો પણ મને માત્ર કવિતા લખવાની છૂટ આપો. એ સિવાય હું નહિ જીવી શકું.’

રાજાનું વદન ખીલી ઊઠયું તેમના આનંદનો પાર ન રહ્યો. તેમણે કહ્યું પ્રધાનજી, કવિતા ચકાસણીનું કામ આટલે દિવસે પૂરું થયું છે. આ કવિરાજ આપણા રાજકવિનું પદ નિભાવશે.

કવિ આશ્ચર્યમાં પડી ગયા. તેમણે આવું બનશે એવી આશા રાખી ન હતી. કવિએ પૂછ્યું, 'પણ મારે કરવાનું શું?'

રાજાએ કહ્યું, 'તમારામાં સાચા કવિના લક્ષણો છે. પ્રજામાં સદ્‌ગુણો, શૌર્ય અને સંસ્કાર રેડાય એવી કવિતા લખતા રહો અને જનતાને આપો.'

■